# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-06-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## અમદાવાદ દુર્ઘટના DNA

અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 163 મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા છે. આ અંગે પત્રકાર પરિષદને સંબોધતાં સિવિલ હોસ્પીટલનાં સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું કે, 124 મૃતદેહો તેમનાં સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

દુર્ઘટનાના 62 મૃતકોના અંતિમ સંસ્કાર અમદાવાદમાં કરવામાં આવ્યા છે. લંડન, વડોદરા, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા મૃતકોના સ્વજનોએ અમદાવાદમાં અંતિમ સંસ્કાર કરવા ઇચ્છા દર્શાવી છે. આ કામગીરી માટે કલેકટર ઓફિસ દ્વારા સરકારી કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી છે.

સરકારની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ડીએનએ મેચિંગ માટે સેમ્પલિંગની કામગીરી પૂર્ણતાના આરે છે. આ માટે સ્થપાયેલા વિશેષ કમાન્ડ સેન્ટરમાં નિયુક્ત ઉચ્ચ અધિકારીઓ મૃતકોના પરિવારજનોના સતત સંપર્કમાં છે.

ડીએનએ સેમ્પલ મેચિંગ પ્રક્રિયા માટે જે પરિવારજનો પોતે ઉપસ્થિત નથી રહી શકતા તેમનાં ઘરેથી જ ડીએનએ સેમ્પલ કલેક્શન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

---

## રાજ્ય વરસાદ

રાજ્યમાં બરાબરનો વરસાદી માહોલ જામ્યો છે. ગઇકાલે અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, પોરબંદર, જૂનાગઢમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ

આપવામાં આવ્યું છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગરહવેલી, રાજકોટ, જામનગર, અમરેલી, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છમાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદને પગલે ગાંધીનગરમાં ઈમર્જન્સી બેઠક બોલાવવામાં આવી હતી. CM ભૂપેન્દ્ર પટેલે તંત્રની સતર્કતા-સજ્જતાની સમીક્ષા કરી હતી અને જરૂરી સૂચનો આપ્યાં હતા. બીજી તરફ ભાવનગર અને બોટાદમાં આજે તમામ શાળાઓમાં રજા રાખવા આદેશ કરાયો છે.

---

## વરસાદ આગાહી

હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસને લઈને રાજ્યમાં વરસાદ માટે આગાહી કરવામાં આવી છે. જેમાં અત્યારે લો પ્રેશર સિસ્ટમ સક્રિય થયું છે. અને આગામી 7 દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, પોરબંદર અને જૂનાગઢમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. સાથે જ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, રાજકોટ, જામનગર, અમરેલી, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છમાં ભરેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

## કચ્છમાં વરસાદ

કચ્છમાં સચરાચર મેઘમહેર થતા જ વરસાદી માહોલ છવાયો હતો. ચોમાસું શરૂ થઇ જતા આગોતરા વરસાદના પગલે ખેડૂત વર્ગ વાવણી અને બિયારણ ખરીદી કરવા લાગ્યા છે.

જિલ્લા મથક ભુજ ખાતે ગઇકાલે બપોર બાદ વરસાદ પડતા ચોમેર પાણી ફરી વળ્યા હતા. જિલ્લા કન્ટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી વિગતો મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન

તાલુકાવાર વરસાદની વિગતો જોતા મોસમનો સૌથી વધુ વરસાદ ગાંધીધામ ખાતે 86 મીમી નોંધાયો હતો. જ્યારે સૌથી ઓછો મુન્દ્રા ખાતે 26 મીમી નોંધાયો હતો. અન્ય તાલકામાં ભચાઉ 56 મીમી, રાપર 45 મીમી, ભુજ 45 મીમી, નખત્રાણા 73 મિલોમીટર, અબડાસા 47 મીમી અને લખપત 28 મિલોમીટર વરસાદ નોંધાયો હતો. આમ, અત્યાર સુધીનો મુસમનો કુલ વરસાદ 512 મિલીમીટર નોંધાયો છે.

---------------------------------------------------------------------------------------

## <u>લખપતમાં શાળાનો પ્રારંભ</u>

લખપત તાલુકાના નાની છેરમાં GMDC-GVT દ્વારા DAV GMDC પબ્લિક સ્કૂલનું ઉદ્ઘાટન કરાયું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

*(વોઈસ કાસ્ટ-અશરફ નથવાણી)*

<u>*કચ્છના છેવાડાના વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલારૂપે નાની છેરમાં આવેલા GMDC ના અકરી મોટા થર્મલ પાવર સ્ટેશન-ATPS ખાતે DAV GMDC પબ્લિક સ્કૂલ શરૂ કરવામાં આવી છે.*</u>

<u>*હાલમાં નર્સરીથી ધોરણ પાંચ સુધી શરૂ કરાયેલી અંગ્રેજી માધ્યમની આ શાળાને સ્થાનિક લોકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને પહેલાથી જ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓના એડમીશન થઇ ચુક્યા છે.*</u>

<u>*GMDC, ગ્રામ વિકાસ ટ્રસ્ટ-GVT અને DAV મેનેજિંગ કમિટીના સંયુક્ત પ્રયાસોથી કચ્છના દૂર સુદૂરના આ વિસ્તારમાં શરૂ કરાયેલી આ અનોખી પહેલ માટેના વિઝન માટે સ્થાનિકો લોકોએ GMDCના મેનેજીંગ ડીરેક્ટરશ્રી રૂપવંતસિંઘ અને આ વિઝનને વાસ્તવિક બનાવવા બદલ GVTના CEO શ્રી વીણા પડિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.*</u>

*આ અંગે વધુ માહિતી આપતા વીણા બહેન પડિયાએ જણાવ્યું કે, શાળાની સ્થાપના GMDC ની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા, ટકાઉ અને સમાવેશી વિકાસ દ્વારા સમાજની સેવા કરવાના તેના સમર્પણનું પ્રતિબિંબ છે. જે આ વિસ્તારના બાળકોને તેમના પોતાના વિસ્તારમાં આધુનિક અને મૂલ્ય-આધારિત શિક્ષણ મેળવવાની સુવર્ણ તક પૂરી પાડશે. કચ્છના ગ્રામીણ વિસ્તારોમાં અંગ્રેજી માધ્યમમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની માર્યાદિત તકો ઉપલબ્ધ છે ત્યારે આ શાળા ફક્ત શૈક્ષણિક જ્ઞાન જ નહીં પરંતુ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વાતચીત કૌશલ્ય અને નૈતિક મૂલ્યોનું નિર્માણ કરવાનો પણ પ્રયાસ કરશે તેમ તેમણે ઉમેર્યું હતું.*

*આ પહેલ ગ્રામીણ કચ્છમાં શૈક્ષણિક જાગૃતિ ફેલાવવા અને સાક્ષરતાનું સ્તર સુધારવાના GMDC-GVT ના વ્યાપક મિશન સાથે સુસંગત છે, જેનાથી કચ્છના સર્વાંગી વિકાસ અને માનવ વિકાસને બળ મળશે. જે ખાસ કરીને આવા અંતરિયાળ વિસ્તારમાં અને વંચિત સમુદાયોમાં શૈક્ષણિક ઉત્થાન દ્વારા રાષ્ટ્ર નિર્માણ તરફ એક નક્કર પગલું બની રહેશે તેવી આશા વ્યક્ત કરાઈ છે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ*

---

## 21 જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

21 જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે સમગ્ર રાજ્યમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કચ્છમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ભુજની આર.ડી વરસાણી સ્કૂલ ખાતે યોજાશે ત્યારે આજે કચ્છ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ હતી.

---